©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**[PUBLISHED BY AUTHORITY]**

| Vol. LXVII ] | THURSDAY, AUGUST 13, 2026 / SRAVANA 22, 1948 | [ No. 33 |
|---|---|---|

**Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

### CONTENT

### Part I, Part I-A, Part I-B and Part I-L


| | | Pages | | | Pages |
|---|---|---|---|---|---|
| Part-I | Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette. | 1925-1959 | Part-I-B | Government Notifications, Published under Land Acquisition Act only. | 65 |
| Part-I-A | Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette. | 33 | Part-I-L | Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act. | 833-856 |


**પોલીસ કમિશનર દ્વારા**

**વંચાણે લીધા:-**

(૧) નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્રક્રમાંક નં.એક્ઝામ સેલ/GPSC/પરીક્ષા/જાહેરનામું/વશી.૧૧૧૭/૨૦૨૫ તા.૨૯/૧૨/૨૦૨૫

(૨) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક :અગ્રાવિ/પરીક્ષા/૨૦૨૫/૧૭૩૦૧-૩૦૩ તા.૨૯/૧૨/૨૦૨૫

(૩) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક :અગ્રાવિ/પરીક્ષા/૨૦૨૫/૨૦૨૫-૨૬/૧૭૩૬૬ તા.૦૧/૦૧/૨૦૨૬

**:- જાહેરનામું -:**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.**

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૦૧/૨૦૨૬. તા.૦૨/૦૧/૨૦૨૬.-રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા NMMS-2025/26 ની પરીક્ષા તા.૦૩/૦૧/૨૦૨૬ ના કલાક ૧૨/૦૦ થી કલાક ૧૫/૦૦ સુધી અમદાવાદ શહેરના (૧) આદિત્ય ઈન્ટરનેશનલ સ્કુલ દાસ્તાન સર્કલ પાસે, શ્યામ કુટીર પાછળ, હંસપુરા નરોડા તથા (૨) શિવમ વિદ્યાલય પાશ્વનાથ ટાઉનશીપ વિ-૦૨ નવા નરોડા, અમદાવાદ ખાતેના ૦૨ પરીક્ષા કેન્દ્રો પર

યોજાનાર છે.તથા ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩ (જા.ક્ર.૨૭/૨૦૨૫-૨૬) ની પરીક્ષા તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૧/૦૦ થી કલાક ૧૩/૦૦ સુધી અમદાવાદ શહેરના જુદા-જુદા-૫૦ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**-:પ્રતિબંધિત વિસ્તાર:-**

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજયાનો વિસ્તાર.

**-:પ્રતિબંધિત કૃત્યો:-**

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

**-:અપવાદ:-**

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

**-:સમયગાળો:-**

આ હુકમ (૧) NMMS-2025/26 ની પરીક્ષા માટે તા.૦૩/૦૧/૨૦૨૬ ના કલાક ૧૦/૦૦ થી કલાક ૧૭/૦૦ સુધી તથા રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩ ની પરીક્ષા માટે તા.૦૪/૦૧/૨૦૨૬ ના કલાક ૦૯/૦૦ થી કલાક ૧૬/૦૦ સુધી અમલમાં રહેશે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૦૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

**જી. એસ. મલિક,**
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

---

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**-:જાહેરનામું:-**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.**

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૨૨૭-૧/૨૦૨૫.–આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૧૮/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૧/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

**વિસ્તારઃ-** અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

**ખુલાસોઃ-** આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

**અપવાદઃ-** આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૮/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૧/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૬/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

---

**વંચાણે લીધાઃ-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક-એલ.આઈ.બી/રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩/પરીક્ષા/જાહેરનામું/૮૬૨૮/૨૦૨૫, તા.૨૯/૧૨/૨૦૨૫

(૨) જિલ્લા શિક્ષણાધિકારીની, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના પત્ર ક્રમાંક :અગ્રાવિ/પરીક્ષા ૨૦૨૫/૧૭૩૦૧-૩૦૩ તા.૨૯/૧૨/૨૦૨૫

**:- જાહેરનામું -:**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩/પરીક્ષા/એસ.આર.૨૩૯/૨૦૨૬.આમુખ-(૧)ના પત્રથી પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક-એલ.આઈ.બી/રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩/પરીક્ષા/જાહેરનામું/૮૬૨૮/૨૦૨૫, તા.૨૯/૧૨/૨૦૨૫ થી જણાવ્યા મુજબ, ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ કલાક ૧૧/૦૦ થી ૧૩/૦૦ દરમ્યાન રાજ્યવેરા નિરીક્ષક વર્ગ-૩ (જા.ક ૨૭/૨૦૨૫-૨૬) ની પરીક્ષા અત્રેના અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના બોપલ પો.સ્ટે.ની હદમાં યોજાનાર છે. જે અન્વયે પ્રતિબંધિત વિસ્તાર જેમાં પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધિત કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવું છું.

**-:પ્રતિબંધિત વિસ્તાર:-**

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | પરીક્ષા કેન્દ્રનું નામ તથા સરનામું |
|---|---|---|
| ૧. | બોપલ | SHRI RAM VIDHYALAYA, F 42/43, STERLING CITY, NR. NEELKANTH ORCHID, BOPAL |
| ૨. | | M.A.PATEL HIGH SCHOOL, BESIDE RAMDEVPIR MANDIR, BOPAL, TA DASCROI |
| ૩. | | SHIV ASHISH VIDHYA MANDIR, INSIDE STERLING CITY, BOPAL |

**-:પ્રતિબંધિત કૃત્યો:-**

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા ઉપર.

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦મીટરની ત્રિજ્યામા ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર ગેરરીતિ થાય તેવું કોઈપણ સાધન લઈ જવા ઉપર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષામાં ભાગ લેનાર ઉમેદવારો પરીક્ષા દરમ્યાન કોઈ પણ પ્રકારના વિજાણૂયંત્રો પોતાની પાસે નહિં રાખવા ઉપર.

**-:અપવાદ:-**

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારી/અધિકારીઓ તથા પરીક્ષા અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી/ અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

**-:સમયગાળો:-**

આ હુકમ તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાક થી બપોરે ૧૪:૦૦ કલાક દરમ્યાન અમલમાં રહેશે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૩૧/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

---

**વંચાણમાં લીધું:-**

(૧)પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૩૧/૧૨/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./પ્રોટ/નોફલાયઝોન/૮૭૧૦/૨૦૨૫

**જાહેરનામું:-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર. ૨૪૦/૨૦૨૫.-આમુખ-(૧) ના પત્રથી પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ. બી., અમદાવાદ ગ્રામ્યના તા.૩૧/૧૨/૨૦૨૫ ના પત્રની વિગતે માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાઓ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૨૫ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ હેલીપેડ થી હેલીકોપ્ટર મારફતે નીકળી કલાક ૧૦:૫૦ વાગ્યે અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના માંડલ પો.સ્ટે.ની હદના માંડલ હેલીપેડ ખાતે પધારનાર છે તેમજ કલાક ૧૧:૦૦ વાગ્યે થાંથી બાય રોડ નીકળી ખંભલાવ માતાજીના મંદીર દર્શન અર્થે પધારનાર છે. તેમજ કાર્યક્રમ પુરો કરી કલાક ૧૨:૧૫ વાગ્યે ત્યાથી બાય રોડ નીકળી માંડલ હેલીપેડ જવા રવાના થનાર છે. તેમજ કલાક ૧૨:૨૫ વાગ્યે માંડલ હેલીપેડ થી હેલીકોપ્ટર મારફતે નીકળી કલાક ૧૨:૫૦ વાગ્યે ગાંધીનગર સચિવાલય હેલીપેડ પધારનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રોજ સવાર કલાક ૦૬:૦૦ થી કલાક ૧૪:૦૦ માંડલ પો.સ્ટે.ની હદના ઉપરોક્ત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાંઆવતાડ્રોન(DRONE),ક્વાડકોપ્ટર(QUADCOPTER),પાવર્ડએરક્રાફટ(POWEREDAIRCRAFT)તેમજમાનવસંચાલિત માઈક્રોલાઈટએરક્રાફટ(MICROLIGHTAIRCRAFT),હેંગગ્લાઈડર/પેરાગ્લાઈડર(HANGGLIDER/PARAGLIDER),પેરામોટર (PARAMOTOR),તેમજહોટએરબલુન(HOTAIRBALLOONS)તથાપેરાજમ્પીંગ(PARAJUMPING)ચલાવવાની/કરવાનીમનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

-:: વિસ્તાર ::-

બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

-:: સમયગાળો ::-

આ જાહેરનામુ તા.૦૯/૧૨/૨૦૨૪ ના ૦૮:૦૦ કલાક થી ૨૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

**બી. આર. સાગર,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

---

**પોલીસ કમિશનર દ્વારા**

**:- જાહેરનામું :-**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.**

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/ નો ડ્રોન ફલાય ઝોન/૦૨/૨૦૨૬.-ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી નાઓ તા.૧૧,૧૨/૦૧/ ૨૦૨૬ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઇઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઇ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઇ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઇક્રો લાઇટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઇડર/ પેરાગ્લાઇડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઇ ફરમાવું છું.

**-: અપવાદ :-**

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

**-: વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૧૧/૦૧/૨૦૨૬ ના કલાક.૧૩/૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૨૦/૦૦ સુધીનું અમલમાં રહેશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

--------------------------

**વંચાણે લીધા :** (૧) ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/ SB2 તા.૧૭/૦૯/૨૫ તથા

(૨) ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/ SB2 તા.૦૭/૧૧/૨૫ તથા

**:- જાહેરનામું -:**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ખ),૩૩(૧) (ભ) અન્વયે કાઢેલ હુકમ.**

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/ પરમીટ/મકરસંક્રાંતી/૦૩/૨૦૨૬.-આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ અમદાવાદ શહેરમાં મકરસંક્રાંતી (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. અમદાવાદ શહેરમાં મકરસંક્રાંતી (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ચડીને ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યક્તિઓની જાનને જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબજ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમતેમ શેરીઓ, ગલીઓ જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફીકને અવરોધ થતો હોય છે. તેમજ રસ્તા ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેકટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઈલેકટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ઈલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કીટના કારણે તાર તુટી જવાના કારણે અકસ્માતો સર્જાવાના ગંભીર બનાવ બનતા હોય છે. તેમજ આ પર્વના દિવસે શહેર વિસ્તારમા જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા હોય છે. અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે. જેને અનુલક્ષીને જાહેરમાર્ગો ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે માંઝા અથવા દોરી કે જે, નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઇ વ્યક્તિને શરીરના કોઇ ભાગ ઉપર ઘસાવવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાઈ જવાના તેમજ કેટલાક સંજોગોમાં ઈજાગ્રસ્ત વ્યક્તિનું મોત નીપજયા સુધીના ગંભીર બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે અમદાવાદ શહેર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબજ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને નુકશાન થાય છે.તેમજ શહેરની મધ્યમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશોને આધિન ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા ઉપર તથા નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવા ઉપર હંગામી પ્રતિબંધ માટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૩(૧) (ખ), ૩૩(૧)(ભ), તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબ મળેલ સત્તા હેઠળ પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવું જરૂરી હોય.

આથી હું જી.એસ. મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨૦૮૦૧/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૩(૧) (ખ), ૩૩(૧)(ભ),મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૧/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ દિન-૧૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**-:પ્રતિબંધિત કૃત્યો :-**

(૧) કોઇ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફૂટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

(૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ-સ્પીકર વગાડવા ઉપર.

(૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

(૪) શહેરમાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબૂઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઇપણ ધાતુના તારના લંગર બનાવી આમ-તેમ શેરીઓ,ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર.

(૫) રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઇલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાની શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાથી અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતાં હોય છે, જેથી ટેલીફોન કે ઇલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઇપણ ધાતુના તાર લંગર(દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર.

(૬) જાહેર માર્ગો ઉપર કોઇપણ વ્યક્તિઓ દ્વારા જાહેરમાં ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરવા ઉપર અને આમ-જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયો/ પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધ ઉભો કરવા ઉપર.

(૭) પ્લાસ્ટિક/પાકા સિન્થેટિક મટીરીયલ, ટોક્સિક મટીરીયલ, કાચ પાવડર તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટિક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરાના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાડવા ઉપર.

(૮) દિવાળી તેમજ ઉતરાયણના તહેવાર દરમ્યાન ચાઇનીઝ લોન્ચર, ચાઇનીઝ તુક્કલ, ચાઇનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્નના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ઉડાડવા ઉપર.

(૯) ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે વેચાતા ચાઈનીઝ માંઝા / પ્લાસ્ટિક દોરી / ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) ખરીદ તેમજ વેચાણ કરવા ઉપર.

વધુમાં ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/ SB2 તા.૦૭/૧૧/૨૫ આધારે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં રીટ પીટીશન (PIL) નં. ૨૫૩/૨૦૧૬ ના કેસમાં થયેલ હુકમ

અનુસંધાને પતંગ ઉડાવવાના કોટનના દોરા/માંજા બાબતે સ્પષ્ટીકરણ કરવામાં આવેલ હોઇ તે નીચે મુજબ સ્પષ્ટીકરણમાં જણાવેલ છે. જે મુજબના પતંગના દોરા/માંજા ઉતરાયણ પર્વ સબંધે ઉત્પાદન કર્તા તથા વેચાણ કર્તાઓએ ઉત્પાદન/વેચાણ કરવાનું રહેશે.

**:- પતંગ ઉડાવવાના કોટનના દોરા/માંજા બાબતે સ્પષ્ટીકરણ:-**

''પતંગ ઉડાવવા/ચગાવવાના હેતુથી ચોખાનો લોટ, મેંદો, છોડ આધારિત, ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેન્સીવની મદદથી કાંચના પાવડરનું કોટીંગ કરેલ ઓછી તિક્ષ્ણ-શક્તિ ધરાવતી કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડીગ્રેડેબલ પદાર્થો હોવા જોઇએ તથા કોટનના દોરા પર કોટીંગ માટેનો કાંચનો પાવડર ૧૦ % થી વધુ ન હોવો જોઇએ, જયારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઇ શકે તથા કાંચનો પાવડર જે કોટીંગ પદાર્થનો ૧૦% હોઇ શકે છે પરંતુ તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ના હોવુ જોઇએ તેવો કોટનનો માંજો/ દોરી વાપરી શકાશે''

**-:વિસ્તાર:-**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એક્ટ ૧૯૫૧ની કલમ ૧૧૩, ૧૧૭, ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતાની -૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ ૧૯૫૧ની કલમ ૧૧૩, ૧૧૭, ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

**જી.એસ.મલિક,**
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

---

**:: જાહેરનામું ::**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અનૂવયે કાઢેલ હુકમ ::**

ક્રમાંક : એસ.બી./હથિયાર બંધી/૦૩/૨૦૨૬.-સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

**:: હુકમ ::**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત કૃત્યો::**

(ક) કોઇપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો લાવવા-લઇ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઇની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા લઇ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઇપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઇ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઇ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઇને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઇન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઇપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઇપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**:: અપવાદ::**

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.**

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૨/૦૧/૨૦૨૬ ના ક.00-00 થી તા.૨૬/01/૨૦૨૬ ના ક.૨૪-00 સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ:-૧૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

--------------------------

**:: જાહેરનામુ ::**

**:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ::**

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૦૪/૨૦૨૬.-સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**:: પ્રતિબંધીત કુત્યો ::**

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**:: અપવાદ ::**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૨/૦૧/૨૦૨૬ ના ક.૦૬-00 થી તા.૨૬/૦૧/૨૦૨૬ ના ક.૨૪-00 વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૧/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

--------------------------

**હંગામી જાહેરનામું**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલ. ::**

ક્રમાંક: એસ.બી./મકરસંક્રાંતી તહેવાર નિમીત્તે ટુ-વ્હિલર વાહનો પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું/ ૦૫ /૨૦૨૬.-આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ મકરસંક્રાતીનો તહેવાર આવતો હોય સુરત શહેરમાં આ તહેવાર નિમિત્તે કેટલાક લોકો જાહેર માર્ગો/રસ્તાઓ ઉપર પતંગ ઉડાડે છે અને કપાયેલા પતંગો અને દોરા વિગેરે કપાઇને જાહેર રોડ ઉપર આવતા હોય છે. રોડ ઉપર પસાર થતા વાહન ચાલકોના ગળામાં અકસ્માતે દોરો ભેરવાઇ જતા ગંભીર પ્રકારના અકસ્માતો બનવાની પુરે પુરી શક્યતાઓ છે.

ભુતકાળમાં વરાછા ફ્લાઇ ઓવરબ્રીજ ઉપર તેમજ કતારગામ લલીતા ચોકડી ચાર રસ્તા ઉપર મકરસંક્રાંતિ તહેવાર દરમ્યાન પતંગની દોરીના કારણે ટુ-વ્હિલર વાહન ચાલકોના મરણ ગયેલાના અકસ્માતના બનાવો નોંધાયેલ છે. જેથી આવા ગંભીર અકસ્માત અટકાવવા અને જાહેર જનતાની સલામતી જાળવવા માટે જાહેર હિતમાં નીચે મુજબનો પ્રતિબંધ મુકવો જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) અન્વયે મળેલ અધિકારની રૂએ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું કે,

**:: હુકમ ::**

સુરત શહેરમાં તમામ ફ્લાઇ ઓવરબ્રીજ ઉપર બંન્ને સાઈડેથી ટુ-વ્હિલર વાહનોને તા.૧૪/૦૧/૨૦૨૬ ના કલાક: ૦૦/૦૦ થી તા.૧૫/૦૧/ ૨૦૨૬ ના કલાક: ૨૪/૦૦ વાગ્યા સુધી અવર જવર કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**નોંધ :-**

(૧) પ્રતિબંધિત સમય દરમ્યાન ટુ-વ્હિલર વાહન ચાલકો નદી ઉપરના બ્રિજ સિવાયના તમામ ફલાય ઓવર બ્રિજની નીચેના રસ્તેથી અવર જવર કરી શકશે.

(૨) જે ટુ-વ્હિલર વાહન ચાલકો ટુ-વ્હિલર ઉપર આગળના ભાગે સેફટી ગાર્ડ લગાવે તેવા વાહન ચાલકોને આ પ્રતિબંધીત માંથી મુક્તિ આપવામાં આવે છે.

(૩) નદી ઉપરના બ્રિજ ઉપર જનાર ટુ-વ્હિલર વાહન ચાલકોને પણ આ પ્રતિબંધીત માંથી મુક્તિ આપવામાં આવે છે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૪/૦૧/૨૦૨૬ ના કલાક: ૦૦/૦૦ થી તા.૧૫/૦૧/૨૦૨૬ ના કલાક: ૨૪/૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**::શિક્ષા::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનીયમ સને-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૧૨/૦૧/૨૦૨૬ના રોજ મારા સહી સિક્કા કરે આપેલ છે.

--------------------------

**:: હંગામી જાહેરનામું ::**

**ધી ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ.**

ક્રમાંક/ટફક/રીજી-૦૪/સુવાલી બીચ/જાહેરનામું/૨૨૯/૨૦૨૬.-સુરત શહેર ખાતે આગામી તારીખ-૦૯/૦૧/૨૦૨૬ થી તારીખ-૧૧/૦૧/ ૨૦૨૬ સુધી સુવાલી બીચ ખાતે "સુવાલી બીચ ફેસ્ટીવલ"નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરત શહેર અને સુરત જીલ્લા તથા અન્ય જીલ્લાઓમાંથી ખુબ જ મોટી સંખ્યામાં પર્યટકોની અવર-જવર રહે છે અને પર્યટકો પોતાના વાહનો લઇને સુવાલી બીચ પર આવે છે જેથી જાહેર જનતાના હિતાર્થે તથા ટ્રાફિક નિયમન સરળતાથી થાય, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે માટે સુચારુ ટ્રાફિક નિયમન કરવું ટ્રાફિકની દ્રષ્ટીએ ખુબ જરૂરી અને અનિવાર્ય જણાય છે. જેથી ONGC ચાર રસ્તાથી હજીરા ગણપતિ ચેક પોસ્ટ સુધી, મોરા ત્રણ રસ્તા સર્કલથી સુવાલી રોડ તેમજ કેન એનર્જી ત્રણ રસ્તાથી સુવાલી બીચ રોડ થઈ સુવાલી બીચ સુધી અવર જવર કરવાના રોડ પર ભારે વાહનોની અવર-જવર, પાર્કિંગ કરવા તેમજ બીજા આંતરીક ગલી રસ્તાઓનો ઉપયોગ કરો સદર રૂટ ઉપર પ્રવેશ કરવા ઉપર આગામી તારીખ-૦૯/૦૧/૨૦૨૬ થી તારીખ-૧૧/૦૧/૨૦૨૬ સુધી કલાક-૧૬/૦૦ થી કલાક-૨૩/૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ મુકવો ખુબ જ જરૂરી છે. ટ્રાફિક નિયમન સરળતાથી થાય તથા પર્યટકોને કોઇ તકલિફ ન પડે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે જેથી ONGC ચાર રસ્તાથી હજીરા ગણપતિ ચેક પોસ્ટ સુધી, મોરા ત્રણ રસ્તા સર્કલથી સુવાલી રોડ તેમજ કેન એનર્જી ત્રણ રસ્તાથી સુવાલી બીચ રોડ થઈ સુવાલી બીચ સુધી અવર જવર કરવાના રોડ પર ભારે વાહનોની અવર-જવર, પાર્કિંગ કરવા તેમજ બીજા આંતરીક ગલી રસ્તાઓનો ઉપયોગ કરી સદર રૂટ ઉપર પ્રવેશ કરવા ઉપર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જનહિતાર્થે ખૂબ જ જરૂરી જણાય છે.

**:: હુકમ ::**

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત IPS, પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન અધિનિયમની કલમ-૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે પોલીસ કમિશનર હકુમત હેઠળના સુરત શહેર વિસ્તારમાં આવેલ સુવાલી બીચ ખાતે 'સુવાલી બીચ ફેસ્ટીવલ અન્વયે ONGC ચાર રસ્તાથી હજીરા ગણપતિ ચેક પોસ્ટ સુધી, મોરા ત્રણ રસ્તા સર્કલથી સુવાલી રોડ તેમજ કેન એનર્જી ત્રણ રસ્તાથી સુવાલી બીચ રોડ થઈ સુવાલી બીચ સુધી અવર જવર કરવાના રોડ પર ભારે વાહનોની અવર-જવર, પાર્કિંગ કરવા તેમજ બીજા આંતરીક ગલી રસ્તાઓનો ઉપયોગ કરી સદર રૂટ ઉપર પ્રવેશ કરવા ઉપર આગામી તારીખ-૦૯/૦૧/૨૦૨૬ થી તારીખ-૧૧/૦૧/૨૦૨૬ના કલાક-૧૬/૦૦ થી કલાક-૨૩/૦૦ સુધી પ્રતિબંધ મુકવાનો હુકમ ફરમાવુ છું.

**:: અપવાદ ::**

આ જાહેરનામું ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા અન્ય ઈમરજન્સી વાહનો જેમ કે પોલીસના વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહી.

ઔદ્યોગિક એકમમાં ફરજ બજાવતાં કર્મચારીનાઓની શિફટની બસોને અવર જવર કરવા માટે મુક્તિ આપવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ આગામી તારીખ-૦૯-૦૧-૨૦૨૬ થી તારીખ-૧૧/૦૧/૨૦૨૬ ના કલાક-૧૬/૦૦ થી કલાક-૨૩/૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૦૭/૦૧/૨૦૨૬ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

**અનુપમસિંહ ગહલૌત,**
પોલીસ કમિશનર,
સુરત શહેર.

---

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**સંદર્ભ:-**

(૧) અત્રેના જાહેરનામા ક્રમાંક નં.ડીસીબી/એમએજી/જીપીએ/રજી.૭૭/વશી-૮૫૧૭ થી ૮૫૭૬/૨૦૨૫ તા.૧૨/૦૭/૨૦૨૫

(૨) અત્રેના સુધારા જાહેરનામા ક્રમાંક નં.ડીસીબી/એમએજી/જીપીએ/રજી.૮૪/વશી-૮૯૯૫ થી ૯૦૬૦/૨૦૨૫ તા.૨૪/૦૭/૨૦૨૫

(૩) પ્રોજેકટ ડાયરેકટરશ્રી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, એકતાનગર રાજપીપળાના પત્ર નં.NHAI/11056/1/Maintenance/Valsad/NH-56/1, તા.૨૨/૧૧/૨૦૨૫

**સુધારા હુકમ:-**

**ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે સુધારા જાહેરનામું.**

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૦૧/વશી.૪૪ થી ૧૦૫/૨૦૨૫.-પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, એકતાનગર રાજપીપળાની તા.૧૨/૭/૨૦૨૫ની દરખાસ્ત અન્વયે સંદર્ભ-૧ના અત્રેના જાહેરનામાથી તાન નદી, માન નદી, કોલક નદી, તથા રાતા ખાડી ઉપર આવેલ બ્રીજનો વાહન વ્યવહાર નિયંત્રિત કરી ડાયવર્ઝન આપવા હુકમ કરવામાં આવેલ છે. ઉપરોકત જાહેરનામા મુજબ તાન નદી ઉપરના બ્રિજ ઉપરથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે.જ્યારે માન નદી, કોલક નદી તથા રાતા ખાડી ઉપર આવેલ બ્રીજ ઉપરથી ભારે વાહનોની અવર-જવર ઉપર માટે પ્રતિબંધિત કરવામાં આવેલ છે. ઉપરોક્ત જાહેરનામામાં સંદર્ભ-૨ના સુધારા હુકમથી ઈમરજન્સી સેવામાં આવતી ૧૦૮ એમ્બ્યુલન્સ તથા અન્ય ખાનગી/સરકારી એમ્બ્યુલન્સને અવર-જવર માટે માન નદી તથા કોલક નદી તથા રાતા ખાડી ઉપર આવેલ બ્રીજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુક્તા જાહેરનામામાંથી મુકિત આપવામાં આવેલ છે.

ઉપરોક્ત જાહેરનામા અન્વયે નાનાપોંઢા તાલુકા મથક હોવાથી સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ ૨૦ થી ૨૫ ગામના લોકોને અવર-જવર માટે ખુબ જ મુશ્કેલી પડતી હોઈ નાનાપોંઢા નજીકના કોલક નદી બ્રિજને વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવા સ્થાનિકો તરફથી રજુઆત મળતા આ અંગે પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી નેશનલ હાઈવે-૫૬ નો સ્થળ તપાસ અહેવાલ મેળવતા તેઓએ સંદર્ભ-૩ ના પત્રથી અત્રે અહેવાલ રજુ કરેલ છે. રજુ થયેલ અહેવાલમાં તેઓએ સદરહું કોલક બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનો જેવા કે ટુ-વ્હીલર, પેસેન્જર કાર, LMVs. ૨ એક્ષેલ ધરાવતી ફોર-વ્હીલર મીની બસ અને ૨ એક્ષેલ ધરાવતા ફોર-વ્હીલર હળવા કોમર્શીયલ વાહનો (તમામ વાહનો વધુમાં વધુ ૮ ટન સુધીનું કુલ વજન ધરાવતા) ને ૩૦ કિ.મી./કલાકની ગતિથી પસાર થાય તો સલામતીની દ્રષ્ટિએ કોઈ વાંધા જનક બાબત જણાતી નથી. તેમજ નવો બ્રિજ બને ત્યા સુધી ઉપરોક્ત જણાવેલ વાહનોને અવર-જવર માટે છુટછાટ આપી શકાય તેમ હોવાનું જણાવેલ છે.

ઉપરોક્ત હકીકત તથા સ્થાનિક રજુઆત ધ્યાને લેતાં લોકોને અગવડ પડે નહિ તેવા આશયથી નાનાપોંઢા નજીકના કોલક નદી બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનો જેવા કે ટુ-વ્હીલર, પેસેન્જર કાર, LMVs, ૨ એક્ષેલ ધરાવતી ફોર-વ્હીલર મીની બસ અને ૨ એક્ષેલ ધરાવતા ફોર-વ્હીલર હળવા કોમર્શીયલ વાહનો (તમામ વાહનો વધુમાં વધુ ૮ ટન સુધીનું કુલ વજન ધરાવતા) ને ૩૦ કિ.મી./કલાકની ગતિથી અવર-જવર માટે જાહેરનામામાંથી મુકિત આપવી જરૂરી જણાય છે,

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)થી મને મળેલ સત્તાની રૂએ, નાનાપોંઢા નજીકના કોલક નદી બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનો જેવા કે ટુ-વ્હીલર, પેસેન્જર કાર, LMVs, ૨ એક્ષેલ ધરાવતી ફોર-વ્હીલર મીની બસ અને ૨ એક્ષેલ ધરાવતા ફોર-વ્હીલર હળવા કોમર્શીયલ વાહનો (તમામ વાહનો વધુમાં વધુ ૮ ટન સુધીનું કુલ વજન ધરાવતા) ને ૩૦ કિ.મી./કલાકની ગતિથી અવર-જવર માટે છુટ-છાટ આપવા આથી હુકમ કરું છું. સંદર્ભ-૧ તથા ૨ ના જાહેરનામાની અન્ય બાબતો યથાવત રહેશે. તેમજ બ્રિજના બન્ને છેડે આવેલ બેરીઅર ખસેડવા અથવા તો ઉંચાઈ વધારવાની તેમજ બ્રિજના બન્ને છેડે જાહેરનામાની સુચના મુજબના સાઈનબોર્ડ લગાવવાની કામગીરી પ્રોજેકટ ડાયરેકટરશ્રી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, એકતાનગર રાજપીપળાએ કરાવવાની રહેશે.

આજ તારીખ:૦૨/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

**ભવ્ય વર્મા,**
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વલસાડ.

--------------------------

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**-:: જાહેરનામું ::-**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી-૧/રજી.નં.૦૨/વશી. ૧૦૬ થી ૧૬૧/૨૦૨૬.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વલસાડની તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૦૩/૦૧/૨૦૨૬(શનિવાર)ના રોજ યોજાનાર રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) વર્ષ-૨૦૨૫-૨૬ની પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના નિયત પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા નીચે જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષના મશીનો તથા લાઉડસ્પીકર બંધ રાખવા અને બીનઅધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

**રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત**

**મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) વર્ષ-૨૦૨૫-૨૬ની પરીક્ષા**

**તા.૦૩/૦૧/૨૦૨૬(શનિવાર)ના રોજ યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો**

| | |
|---|---|
| 1 | DHARMPUR NAGARPALIKA HIGH SCHOOL, DHARAMPUR |
| 2 | MODEL SCHOOL, MALANPADA- DHARAMPUR |
| 3 | S. M. S. M. HIGH SCHOOL, DHARAMPUR (UNIT-1) |
| 4 | S. M. S. M. HIGH SCHOOL, DHARAMPUR (UNIT- 2) |
| 5 | S. V. PATEL MADYAMIK SHALA , AASURA- DHARAMPUR |
| 6 | ARUNODAYA SARVJANIK VIDHYALAY, KAPARADA (UNIT-1) |
| 7 | EMRS PM SHREE SCHOOL, KAPARADA |
| 8 | GOVERNMENT HIGHER SECONDARY SCHOOL (SCIENCE STREAM), KAPARADA |
| 9 | GOVERNMENT SECONDARY AND HIGHER SECONDARY SCHOOL, SUTHARPADA, TA.KAPARADA |
| 10 | KANYA SAKSHARTA SCHOOL, KAPARADA |

| | |
|---|---|
| **11** | **MODEL SCHOOL , MANDVA, TA.KAPARADA** |
| **12** | **N. R. RAUT SARVAJNIK HIGHSCHOOL, NANAPONDHA (UNIT -1)** |
| **13** | **N. R. RAUT SARVAJNIK HIGHSCHOOL, NANAPONDHA (UNIT -2)** |
| **14** | **D. C. O. SARAVAJANIK HIGH SCHOOL, PARDI** |
| **15** | **R. J. DAMANWALA SCHOOL, PARDI** |
| **16** | **SHRI D. P. PATEL SARVAJANIK HIGH SCHOOL, MOTAVAGHACHHIPA** |
| **17** | **K. D. B. HIGHSCHOOL , SARIGAM (UNIT-1)** |
| **18** | **K. D. B. HIGHSCHOOL , SARIGAM (UNIT-2)** |
| **19** | **M. M. HIGH SCHOOL, UMARGAM** |
| **20** | **N. M. WADIA (TATA WADIA) HIGH SCHOOL, NARGOL** |
| **21** | **SHRI S. G. DAKLE SARV. VIDHYALAY, SANJAN** |
| **22** | **JAMNA BAI HIGH SCHOOL VALSAD** |
| **23** | **MANIBA SARV. VIDYALAYA, VALSAD** |
| **24** | **R. K. PATEL SARVAJANIK VIDYALAYA, RONVEL, TA.VALSAD** |
| **25** | **R. M. & V. M. DESAI VIDYADHAM, VALSAD (UNIT-1)** |
| **26** | **ST JOSHEP ET HIGH SCHOOL, VALSAD** |
| **27** | **R. G. A. S. HIGH SCHOOL & R. H. S. MIDDLE SCHOOL, VAPI** |
| **28** | **SMT Z. H. SHAH SARVAJANIK HIGH SCHOOL, DUNGRA-VAPI** |

વાસ્તે, હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારના ૧૧/૦૦ થી બપોરના ૧૬/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પરીક્ષાની તારીખે સમય સવારના ૧૧/૦૦ થી બપોરના ૧૫/૦૦ કલાક સુધી લાઉડસ્પીકર તથા કોઈપણ પ્રકારના સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરવો નહી.

(૩) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ પણ ચીજવસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૪) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઈલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઇ પણ પ્રકારના ઈલેકટ્રીક ઉપકરણો લઇ જવા નહી.

(૫) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારે ૧૧/૦૦ થી બપોરના ૧૬/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

**આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.**

૧. લગ્નના વરઘોડા(સાઉન્ડ સીસ્ટમ વગર)ને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઇડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્ર ના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઇન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આથી, હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફરમાઉ છું કે આ હુકમની વર્તમાનપત્રો દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવી તથા જે તે કચેરીના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધિ કરવી.

આજ રોજ તારીખ:૦૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

--------------------------

**-:: જાહેરનામું ::-**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી-૧/રજી.નં.૧૧૯/વશી. ૧૨૪૨૯ થી ૧૨૪૮૪/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડની તા.૨૪/૧૨/૨૦૨૫ના રોજની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૦૪/૦૧/૨૦૨૬(રવિવાર)ના રોજ યોજાનાર ગુજરાત જાહેર સેવા આયોગ ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક્ર.-૨૭/૨૦૨૫-૨૬)ની પ્રાથમિક પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના નિયત પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા નીચે જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષના મશીનો તથા લાઉડસ્પીકર બંધ રાખવા અને બીનઅધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

**ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત**

**રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક્ર.-૨૭/૨૦૨૫-૨૬)ની પ્રાથમિક પરીક્ષા**

**તા.૦૪/૦૧/૨૦૨૬(રવિવાર)ના રોજ યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો**

| | |
|---|---|
| ૧ | કુસુમ વિદ્યાલય, મોરારજી દેસાઈની વાડી, રીના પાર્ક પાસે, તિથલ રોડ, વલસાડ |
| ૨ | સેન્ટ જોસેફ ઇન્ગલીશ ટીચીંગ હાઈસ્કૂલ, કલેકટર ઓફીસ પાસે, ધરમપુર રોડ, વલસાડ |
| ૩ | બાઈ આવાબાઈ હાઈસ્કૂલ, હાલર રોડ, વલસાડ |
| ૪ | શ્રી જમનાબાઈ સાર્વજનિક કન્યા વિદ્યાલય, કસ્તુરબા હોસ્પીટલ પાસે, ધનભુરા રોડ, વલસાડ |
| ૫ | આર.એમ. એન્ડ વી.એમ. દેસાઈ વિદ્યાધામ, કસ્તુરબા હોસ્પીટલની સામે, મગનકાકા સ્કુલ કેમ્પસ, વલસાડ |
| ૬ | બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર (યુનિટ-૧), ગુજરાતી મીડીયમ, ધારાનગર, અબ્રામા, વલસાડ |
| ૭ | બી.એ.પી.એસ. સ્વામીનારાયણ વિદ્યામંદિર (યુનિટ-૨), ગુજરાતી મીડીયમ, ધારાનગર, અબ્રામા, વલસાડ |

વાસ્તે, હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારના ૧૦/૦૦ થી બપોરના ૧૪/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં લાઉડસ્પીકર તથા કોઈપણ પ્રકારના સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરવો નહી.

(૩) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ પણ ચીજવસ્તુ ઈલેકટ્રોનીક આઈટમ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૪) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઇલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઇ પણ પ્રકારના ઈલેકટ્રીક ઉપકરણો લઇ જવા નહી.

(૫) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ઉક્ત પરીક્ષાની તારીખે સવારે ૧૦/૦૦ થી બપોરના ૧૪/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

**આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.**

૧. લગ્નના વરઘોડા(સાઉન્ડ સીસ્ટમ વગર)ને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઇડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્ર ના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઈન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આથી, હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફરમાઉ છું કે આ હુકમની વર્તમાનપત્રો દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવી તથા જે તે કચેરીના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધિ કરવી.

આજ રોજ તારીખ:૩૧/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

**મહિપાલસિંહ ચુડાસમા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

---

**વંચાણે લીધા :-**

(૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ના પત્ર જા.નં.પીબી/૬૩૩/૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલીના પત્ર નં.એમએજી/જાહેરનામું/વશી/૧૧૩૮/૨૦૨૫ તા.૧૬/૦૫/૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/અભિપ્રાય/૧૮૧૦/૨૫,તા.૦૯/૦૬/૨૦૨૫

(૪) અત્રેના જાહેરનામા નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી.૯૫૧૭ થી ૯૫૫૬/૨૦૨૫ તા.૧૫/૧૧/૨૦૨૫

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ.) વિભાગ નવસારી ના પત્ર જા.નં.બાંધકામ/ પીબી/૨/વશી/૨૮૨૭/૪૪૩૮/૨૦૨૫ તા.૩૦/૧૨/૨૦૨૫

(૬) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩

**- :: જાહેરનામું :: -**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે. :-**

File No.NAV/Miscellaneous/e-file/453/2026/0104-આમુખ(૧)થી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ધ્વારા ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૪/૬૦ (કોટિલ્ય યુલ સ્ટેશન) ની વચ્ચે જમણી બાજુ અંત્રેના ઈજારદારશ્રી દ્વારા કામગીરી શરૂ થનાર છે. જેના લીધે સદર રસ્તા ઉપર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ ટ્રાફીક બંધ કરી અન્ય રસ્તા અથવા સુંદર ચે. કી.મી. માં રસ્તાની ડાબી બાજુ ટૂ-વે ટ્રાફિક ડાયવર્ટ કરવાનો થાય છે. તેમ જણાવી બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા-૦૪/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૫ સુધી બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે આમુખ(૨)થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલી

ધ્વારા ઉપરોકત જાહેરનામું બહાર પાડવા અંત્રે હકારાત્મક અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે. અને આમુખ(૩)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા ડાયવર્ઝન પ્લાનના ક્રમ નંબર - ૧ તથા ૨ માં જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ તેમ ત્યારબાદ જાહેરનામું રીન્યુ કરાવવા અરજી કરતા જેના અનુસંધાને આમુખ (૪)થી તા.૧૫/૧૧/૨૦૨૫ થી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ હાલ કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ. વિભાગ નવસારીના આમુખ(૫) થી જણાવેલ છે કે, "હાલમાં સદર રસ્તાના ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) ઉપર કોલેજ સર્કલની આજુ-બાજુ સી.સી. રોડની કામગીરી તેમજ ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૪/૦ (બામણવેલ પાટિયા) ની વચ્ચે ડાબી બાજુની જરૂરી કામગીરી અત્રેના ઈજારદારશ્રી દ્વારા અધૂરી રહેવા પામેલ છે જે હાલમાં ચાલુ છે. જેના લીધે સદર રસ્તા ઉપર ચે. કૌ.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૪/૦ (બામણવેલ પાટિયા) ની વચ્ચે ડાબી બાજુ અને ચીખલી ટાઉન થી કોલેજ સર્કલ થી વાંસદા તરફ તેમજ વસુધારા ડેરી જતાં બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક કોલેજ સર્કલ પાસે બંધ કરી અન્ય રસ્તા અથવા સદર ચે. કી.મી. માં રસ્તાની જમણી બાજુ ટૂ-વે ટ્રાફિક ડાયવર્ટ કરવાનો થાય છે. જેથી બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સકલ) થી ૧૪/૦ (બામણવેલ પાટિયા) ની વચ્ચે ડાબી બાજુ તેમજ ચીખલી ટાઉન થી કોલેજ સર્કલ થી વાંસદા તરફ તેમજ વસુધારા ડેરી તરફ જતાં બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક કોલેજ સર્કલ પાસે તા- ૨૮/૧૨/૨૦૨૫ થી ૧૦/૦૨/૨૦૨૬ સુધી બંધ કરી અગાઉ ડાયવર્ઝન પ્લાનના રૂટમાં જરૂરી સુધારા વધારા કરી બિડાણે સામેલ ડાયવર્ઝન પ્લાન મુજબ ડાયવર્ટ કરવા ની મંજરી અર્થે ઘટતી કાર્યવાહી થવા આપ સાહેબશ્રીને વિનંતી છે. વધુમાં સદર ડાયવર્ઝન પ્લાન અંગે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ચીખલીને જરૂરી ટ્રાફીક પોઈન્ટ મૂકવા અર્થે જાણ થવા વિનંતી છે. તેમ જણાવી તા-૨૮/૧૨/૨૦૨૫ થી ૧૦/૦૨/૨૦૨૬ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, કાર્યપાલક ઈજનેરથી (મા.મ.) વિભાગ નવસારીના આમુખ(૫)ની દરખાસ્ત અન્વયે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલીના આમુખ(૨) થી રજુ થયેલ હકારાત્મક અભિપ્રાય તેમજ આમુખ (૩)ના પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા જણાવેલ વિગતે જાહેરનામું બહાર પાડવા અંગેના હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ આમુખ(૪)થી બહાર પાડેલ જાહેરનામાને અવલોકને લેતા. તેમજ આમુખ(૫)થી કા.ઈ.શ્રી મા.મ. વિભાગ નવસારીની દરખાસ્ત અત્રેની શાખામાં તા.૦૩/૦૧/૨૦૨૬ના રોજ મળેલ હોય કોઈ વાહન અકસ્માત ન સર્જાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય તે માટે જાહેર જનતાના હિતમાં સલામતીના પગલા લેવા ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) મુજબ મને મને મળેલ સતાની રૂએ, બીલીમોરા- ચીખલી-વાંસદા-વઘઈ રોડ પર બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ રોડ ઉપર વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂ છું.

**::વૈકલ્પિક માર્ગ::**

| ક્રમ | રૂટ | વાહનનો પ્રકાર | વૈકલ્પીક રૂટ |
|---|---|---|---|
| ૧ | ચીખલી ટાઉન થી કોલેજ સર્કલ થી વાંસદા તરફ તેમજ વસુધારા ડેરી તરફ | ફક્ત ભારે વાહનો માટે | ચીખલી એન.એચ.-૪૮ ઓવરબ્રિજના સર્વિસ રોડથી એન.એચ.-૪૮ નો ઉપયોગ કરી આલીપોર ફલાય ઓવરબ્રિજના વાયડકકટમાં થઈ વસુધારા ડેરીથી ચીખલી કોલેજ તરફ જતાં લિન્ક રોડનો ઉપયોગ કરી વાંસદા તરફ જવાનું રહેશે. |
| ૨ | રાનકૂવાથી કોલેજ સર્કલ થઈ ચીખલી ટાઉન તરફ | ફક્ત ભારે વાહનો માટે | ચીખલી કોલેજ સર્કલથી વસુધારા ડેરી તરફ જતાં લિન્ક રોડનો ઉપયોગ કરી એન.એચ.-૪૮ આલીપોર ફલાય ઓવર-બ્રિજ ના સર્વિસ રોડથી એન.એચ.-૪૮નો ઉપયોગ કરી ચીખલી તરફ જવાનું રહેશે. |
| ૩ | ચીખલી ટાઉનથી રાનકૂવા/ વાંસદા તરફ તેમજ રાનકૂવા/ વાંસદાથી ચીખલી ટાઉન તરફ | નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) | ચીખલી બગલાદેવ મંદિરથી ચીખલી ખેરગામ ધરમપુર રોડનો ઉપયોગ કરી ચીખલી ખૂંધ પોંકડા બામણવેલ રોડ થઈ ખૂંધ નિશાળ ફળિયા રોડ થઈ ચીખલી-વાંસદા રોડનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૪ | નાશિક થી વાંસદા થી રાનકૂવા થી ચીખલી તરફ | ફક્ત ભારે વાહનો માટે | (૧) રાનકૂવા થી ખુડવેલ થી ગોલવાડ થઈ ચીખલી તરફ જશે<br>(૨) રાનકૂવા થી ટાંકલ થી દેગામ થી આલીપોર થઈ ચીખલી તરફ જશે<br>(૩) રાનકૂવા થી ટાંકલ થી ખારેલ થઈ ચીખલી તરફ જશે |
| ૫ | બીલીમોરા ચિખલી વાંસદા વઘઈ રોડ | નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) | (૧) બીલીમોરા ચિખલી વાંસદા વઘઈ રોડ ચે. કી.મી.૧૧/૦ (કોલેજ સર્કલ) થી ચે. કી.મી. ૧૪/૦ (બામણવેલ પાટિયા) જમણી બાજુનો ટુ-લેન ટૂ-વે ટ્રાફિક તરીકે ઉપયોગ કરવાનો રહેશે. |

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૨૮/૧૨/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૦/૦૨/૨૦૨૬ના ક.૦૦/૦૦ સુધી અમલમાં રહેશે.

**: શિક્ષા :**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન પંચાયત વિભાગ હસ્તકના કાર્યપાલક ઇજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**યોગરાજસિંહ બી. ઝાલા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નવસારી.

---

**::જાહેરનામું::**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૬૦૪૪ થી ૬૦૭૪/૨૦૨૫.–ઉપ સચિવશ્રી (કા.વ્ય.) ગૃહ વિભાગના પત્ર ક્રમાંક:HD/MSM/e-file/8/2025/ 2718/SB1 તા.૦૫/૦૫/૨૦૨૫ના પત્રથી વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા જણાવેલ છે અને પોલીસ અધિક્ષકશ્રી ડાંગ - આહવાના પત્ર નં.LIB/જળાશયો પ્ર.પ્રતિ./જાહે./૧૭૦૬/૨૦૨૫, તા.૧૨/૧૨/૨૦૨૫ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. તાજેતરમાં રાજયમાં જુદા-જુદા જીલ્લાઓમાં આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર વિગેરે) માં નહાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ હોય, સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર કમાંકઃ વિ-૧કવઅ/૧૦૨૦૨૪/૮૨ તા.૩૦/૦૫/૨૦૨૫ અન્વયે જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શકયતાઓ હોય, તેવા સ્થળોએ કોઇ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે નહિ તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા સુચના આપવામાં આવેલ છે. જેથી અત્રેના ડાંગ જીલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઇ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ પ્રતિબંધ કરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, યુ. વી. પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે, તાજેતરમાં રાજયમાં જુદા-જુદા જીલ્લાઓમાં આવેલ જુદા જુદા જળાશયો (નદી, તળાવ, નહેર વિગેરે) માં નહાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ ધ્યાને લઇ, જયાં જયાં આવી ઘટનાઓ બનવાની શકયતાઓ હોય, તેવા ભયજનક સ્થળોએ કોઈ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશે નહિ તે માટે અત્રેના ડાંગ જીલ્લાના જોવાલાયક સ્થળો, નદી, તળાવ, ધોધ, ચેકડેમ વિગેરે સ્થળોએ કોઈ પણ વ્યકિતઓ/પ્રવાસીઓ જળાશયોમાં પ્રવેશવા સહિતની તમામ પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૨૦/૧૨/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૭/૦૨/૨૦૨૬ ક.૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

**::વિસ્તાર::**

સમગ્ર ડાંગ જિલ્લો

**::શિક્ષા::**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

---

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.**

ક્રમાંક:ફજદ/જા.ના./CCTV/વશી-૬૦૭૫ થી ૭૧૦૫/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના જા.નં. SOG/CCTV/જાહેરનામું/ ૧૨૭૭/૨૦૨૫ તા.૧૨/૧૨/૨૦૨૫ના પત્રની વિગતે ભૂતકાળમાં ડાંગ જિલ્લામાં સોના, ચાંદીની દુકાનમાં લુંટના ગુન્હો બનેલ તેમજ મોબાઇલ શો

રૂમ માંથી મોબાઈલ ચોરીના રાત્રીનાં ગુન્હા બનેલ હતા, તાજેતરમાં રહેણાંક મકાનો માંથી રાત્રીના સમયે ચોરીના બનાવો બનવા પામેલ છે. વર્તમાનપત્રો અને ટી.વી. ન્યુઝમાં આવા સમાચારો રોજબરોજ જોવામાં આવે છે. બેંકો, એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદીનાં શો-રૂમો, જવેલર્સની દુકાનો, સહકારી બેંકો, સારી હોટલો, સાયબર કાફે, કાપડની દુકાનો, ઈમારતી લાકડાની મોટી પેઢીઓ, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતી, માર્કેટીંગ યાર્ડ, પેટ્રોલ પંપો, ઈલેક્ટ્રીક બીલોનાં કલેકશન સેન્ટરો જેવા સ્થળોએ કે જ્યાં મોટી રકમની અથવા કિંમતી ચીજ-વસ્તુ ની લે-વેચ અને લેવડ-દેવડ થતી હોય, આવા સ્થળોએ ગુન્હેગારો નાંણાની લેવડ-દેવડ અને હેરા-ફેરી વખતે થોડા આગળ-પાછળ કે બાજુમાં રહી ગતિવિધી ની દેખરેખ અને વોચ કરી મોકો મળતાં આવા આર્થીક ગુન્હાઓનો અંજામ આપતાં હોય અને ઘણાં કિસ્સાઓમાં આવી મોટી રકમ અને કિંમતી ચીજ-વસ્તુ મેળવી લેવા માટે ગુન્હેગાર ગમે તે હદ સુધી ભોગ બનનારને માર મારતાં અને જાનથી મારી નાંખતા પણ અચકાતા નહીં હોય, આવા ગુન્હાઓ બનતાં અટકે અને સહેલાયથી શોધી શકાય અને આમ નાગરીક નાં જાનમાલનું રક્ષણ થાય અને સમાજમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જળવાય રહે તે હેતુસર આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહોળો ઉપયોગ કરવાની વર્તમાન્યુગની જરૂરીયાત હોય, આવા તમામ સ્થળોએ વ્યુહાત્મક જગ્યાઓએ નાઈટવિઝન સી.સી.ટી.વી. કેમેરા કે જેમાં છેલ્લાં એક મહિનાનું બેક-અપ મળી રહે તેવા કેમેરા મુકવા પોલીસ વિભાગ તરફથી વારંવાર સુચના કરવામાં આવેલ છે. છતાપણ જોઈએ તેવો પ્રતિસાદ મળેલ નથી અને જરૂરત છે તેવા તમામ સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ નથી, જેથી સમગ્ર ડાંગ જિલ્લામાં બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદીનાં શો-રૂમો, જવેલર્સ, ઇમારતી લાકડાનાં મોટા વેપારીઓ, કાપડની દુકાનો, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતી, સાયબર કાફે, ઈલેક્ટ્રીક બીલનાં કલેકશન સેન્ટરો, કુરીયર સર્વિસ વિ.સ્થળો કે જયાં રોજે રોજ મોટી રકમની નાણાંકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજ-વસ્તુઓની લે-વેચ થાય છે, તેવા તમામ સ્થળોએ તેમનાં માલીકોને વ્યુહાત્મક સ્થળો એ નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, યુ. વી. પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ આથી હુકમ કરું છું કે,

સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં આવેલ નીચે મુજબની તમામ જગ્યાએ સી.સી.ટી.વી.(નાઇટ વિઝન સાથેના) કેમેરા ગોઠવવાના રહેશે.

(૧) તમામ બેંકો, સહકારી બેંકો/સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદીનાં શો-રૂમો, મોટી દુકાનો, જવેલર્સની દુકાનો.

(૨) ઈમારતી લાકડાનાં મોટા વેપારીઓ, કાપડની મોટી દુકાનો, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતી, સાયબર કાફે, ઈલેક્ટ્રીક બીલનાં કલેકશન સેન્ટરો. વિ.સ્થળો કે જયાં રોજે રોજ મોટી રકમની નાણાંકીય લેવડ-દેવડ અથવા કિંમતી ચીજ-વસ્તુઓની લે-વેચ થાય છે, તેવા તમામ સ્થળો.

સી.સી.ટી.વી કેમેરા હાઈડેફીનેશન/નાઇટવિઝન ધરાવતાં સીસીટીવી કેમેરા માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવી રીતે ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વીના રેકોર્ડિંગ ડેટા ઓછામાં ઓછાં ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલિકો/વહીવટકર્તાઓની રહેશે.

**-:અમલવારીનો સમય:-**

આ હુકમ તા.૨૦/૧૨/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૭/૦૨/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

**-:વિસ્તાર:-**

સમગ્ર ડાંગ જિલ્લો

**-:શિક્ષા:-**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

-------------------------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું.**

ક્રમાંક:ફજદ/મોબાઇલ-સીમકાર્ડ/ખરીદ/વેચાણ/વશી-૭૧૦૬ થી ૭૧૩૬/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના જા.નં.જાહેરનામું/ ૧૨૭૬/૨૦૨૫ તા.૦૫/૦૭/૨૦૨૫ ના પત્રની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોનાં બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. ડાંગ જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીનાં પગલારૂપે ઘનિષ્ઠ ચેકિંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે.રાજયમાં બનતા ગુન્હાઓમાં મોબાઇલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઇલ ચોરીઓના બનાવોનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઇલ ફોનના આઇ.એમ.ઇ.આઇ. નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે. ઘણી વખતે

મોબાઇલ ફોનના વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે, તેમને કોઇ અજાણ્યા માણસ પાસેથી મોબાઇલ ફોન ખરીદેલ છે. જે મોબાઇલ વહેંચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. અને મોબાઇલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોંચે ત્યારે એવું જાણવા મળે છે કે, મોબાઇલ કોઇ અજાણી વ્યકતિએ આપેલ છે. અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે, જેથી તપાસમાં કોઇ ફળદાયક હકિકત મળતી નથી. આ બાબતે કોઇ વ્યકિતઓ મોબાઇલ સીમકાર્ડ હેન્ડ સેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વહેંચનારની જવાબદારી નક્કી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના/નવા મોબાઇલ/સીમકાર્ડ વપરાશકારે તે મોબાઇલ/સીમકાર્ડ કોની પાસેથી ખરીદેલ અથવા કોને વેંચાણે આપેલ તે અંગે ખરીદતા/વેચાતા વેપારી દ્વારા નિયત રજીસ્ટર નિભાવવામાં આવે તે માટેનું જાહેરનામું રિન્યુ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, યુ. વી. પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં નીચે મુજબની અમલવારી કરવા હુકમ કરું છું.

જુના મોબાઇલ ખરીદ/વેચાણ, નવા સીમકાર્ડ વેચાણ કરતા વેપારીએ નીચેના નમુનાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને તેમાં વિગતો નોંધવાની રહેશે.

**જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર:-**

| અ.નં. | મોબાઇલની વિગત/કંપનીનું નામ | IMEI નંબર | મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત | આઇ.ડી પ્રુફની વિગત (આધાર નંબર) |
|---|---|---|---|---|
| | | | | |

**જુના મોબાઈલ વેંચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર:-**

| અ.નં. | મોબાઇલની વિગત/કંપનીનું નામ | IMEI નંબર | મોબાઇલ વેંચનાર/ખરીદનારના નામ સરનામાની વિગત | આઇ.ડી પ્રુફની વિગત (આધાર નંબર) |
|---|---|---|---|---|
| | | | | |

**નવા સીમકાર્ડ વેંચાણ કરતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર:-**

| અ.નં. | સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ | સીમકાર્ડ નંબર | સીમકાર્ડ ખરીદનારના નામ સરનામાની વિગત | સીમકાર્ડ ખરીદનારના આઇ.ડી. પ્રુફની વિગત (આધાર નંબર) | સીમકાર્ડ ખરીદનારની સહિ |
|---|---|---|---|---|---|
| | | | | | |

૧. ઉપર મુજબનું રજીસ્ટર જુના/નવા મોબાઇલ ફોન ખરીદનાર/વેચાણ તેમજ નવીન સીમકાર્ડ વેચાણ કરનાર દરેક દુકાનદારે નિભાવવાનું રહેશે અને તેની ફરજિયાત સાચવણી જાળવણી કરવાની રહેશે.

૨. ઉપર મુજબ સંપૂર્ણ વિગતો નિયત અને અધિકૃત કરાયેલ રજીસ્ટરોમાં મોબાઈલ ફોન ખરીદનાર/નવા સીમકાર્ડ વેચનાર વેપારી રાખે અને રજીસ્ટરનાં દરેક કોલમમાં સ્પષ્ટ રીતે અને સંપૂર્ણ રીતે વિગતો ભરી રજીસ્ટર નિભાવવામાં આવે તે સાંપ્રત જરૂરિયાત છે.

૩. ડાંગ જિલ્લાની હદમાં આવેલ તમામ વેપારીએ માસ દરમિયાન જુના ખરીદેલ/વેચાણ કરેલ મોબાઈલ ફોન તેમજ નવા વેચાણ કરેલ સીમકાર્ડની માહિતી પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, એસ.ઓ.જી. શાખા, ડાંગ-આહવા ખાતે કોમ્પ્યુટરાઈઝ કરી માસના અંતે દુકાનદારએ પહોંચાડવાની રહેશે

૪. કોઇ પણ દુકાનદારે કોઇ પણ ઇસમ પાસેથી જુનો અથવા નવો મોબાઇલ ફોન લેતી વખતે કે તેને વેચાણ કરતી વખતે ઓળખ કાર્ડ કે ઓળખ પત્ર જેવા નક્કર પુરાવા સિવાય કોઇ પણ વ્યવહાર કરવો નહિ.

૫. મોબાઇલ ફોનના નવા સીમકાર્ડ વેચનાર તમામ ડિસ્ટ્રીબ્યુટરો અને રીટેઇલ વિક્રેતા દ્વારા મોબાઇલ સીમકાર્ડનું વેચાણ કરતી વખતે માન્ય ઓળખકાર્ડ તથા રહેઠાણના પુરાવાની અસલ દસ્તાવેજો સાથે ખરાઇ કર્યા સિવાય મોબાઇલ સીમકાર્ડના વેચાણ વ્યવહાર કરવા નહિ.

**-:અમલવારીનો સમય:-**

આ હુકમ તા.૨૦/૧૨/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૭/૦૨/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

**-:વિસ્તાર:-**

સમગ્ર ડાંગ જિલ્લો

**-:શિક્ષા:-**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૨૦/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

---

**જાહેરનામું**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું::**

ક્રમાંક:ફજદ/જા.ના./મકાન ભાડુઆત/વશી-૭૧૩૭ થી ૭૧૬૨/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના જા.નં.જાહેરનામું/મકાન ભાડુઆત/૧૨૭૫/૨૦૨૫, તા.૧૨/૧૨/૨૦૨૫ના પત્રની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોનાં બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. ડાંગ જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીનાં પગલા રૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. હાલના સંજોગોમાં ત્રાસવાદીઓ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વિસ્તારોમાં મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે (રેકી) કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો દ્વારા ભાડે આપતા મકાનો દ્વારા રાજય અને દેશની સલામતી જાળવવાના કાર્યોમાં તેઓનો સહકાર મેળવવા માટે મકાન માલીકો દ્વારા ભાડે અપાતા મકાનોની જાણ નજીકના પોલીરા સ્ટેશનમાં અચૂક કરાવે તે આપત્તિ સમયની અનિવાર્ય જરૂરત બનેલ છે. તેમજ મકાન માલીકોએ કરેલી જાણ અંગે સ્થાનીક પોલીસ દ્વારા નિયત કોલમમાં ભાડુઆત અંગે અને મકાન માલીક અને મકાન અંગેની સંપુર્ણ અને સચોટ વિગતો નિભાવવામાં આવે અને આ બાબતને કાનુની બળ મળી રહે તે માટે રજીસ્ટરો નિભાવવામાં આવે જે અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, યુ. વી. પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ નીચે મુજબ હુકમ કરું છું,

"સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈ રહેણાંકના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અમાં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે. તથા જયારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહીત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે."

**પત્રક-અ**

**મકાન ભાડે આપતાં પહેલાં સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક**

| અ.નં. | મકાન માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં કયા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મીમાં છે તેની વિગત | મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું ટેલીફોન/ મોબાઈલ નંબર | મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે. તથા માસીક ભાડું કેટલું છે? | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ટેલીફોન/મો. | જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મૂળ વતનનું પાકું સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામાં | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું મોબાઈલ નંબર | રિમાર્કસ (આધાર કાર્ડ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |

**-:અમલવારીનો સમય:-**

આ હુકમ તા.૨૦/૧૨/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૭/૦૨/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

**-:વિસ્તાર:-**

સમગ્ર ડાંગ જિલ્લો

**-:શિક્ષા:-**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૧૨/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

---

**જાહેરનામું**

**:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું ::**

ક્રમાંક:ફજદ/સભા સરઘસ જાહે./વશી- ૭૧૬૯ થી ૮૦૦૦/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાની કચેરીના પત્ર નં.LIB/સભા સરઘસ જાહે./૨૮૧૧/૨૦૨૫, તા.૧૨/૧૨/૨૦૨૫ની વિગતે આગામી સમયમાં નાતાલ તહેવાર તથા નવા વર્ષની ઉજવણી કરવામાં આવનાર હોય, સદર તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જીલ્લામાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ મુજબ અનઅધિકૃત્ત રીતે સભા/સરઘસ ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, યુ. વી. પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહિ, કોઇ સભા કરવી કે બોલાવવી નહિ તેમજ સરઘસ કાઢવું નહિ.

**::અપવાદ::**

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.**

(ક) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ.

(ખ) કોઈ લગ્નના વરઘોડાને, દેવળમાં પ્રાર્થના, સ્મશાન યાત્રાને.

(ગ) મંદિર, મસ્જિદ અથવા દેવળમાં પ્રાર્થના કરતી બોનોફાઇડ વ્યકિતઓ.

(ઘ) એસ.ટી.બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા વ્યકિતઓ.

(ચ) અત્રેથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૨૦/૧૨/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૧/૨૦૨૬ ક.૨૪.૦૦ (બંને દિવસો રાહિત) સુધી અમલમાં રહેશે.

**::વિસ્તાર::**

સમગ્ર ડાંગ જિલ્લો

**::શિક્ષા::**

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:-૨૦/૧૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**યુ. વી. પટેલ,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

---

**અખબારી યાદી**

ક્રમાંક: એમએજી/પરીક્ષા/વશી/૬૫૩૪/૨૦૨૫-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર, દ્વારા આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક્ર.૨૭/૨૦૨૫-૨૬) પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય અને પરીક્ષાર્થીઓ અસામાજિક તત્વોનાં ત્રાસ, ભય વિના પરીક્ષા આપી શકે તે માટે તેમજ સુલેહ શાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો થતો અટકાવી શકાય તે હેતુસર તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થીઓ તેમજ નિયુક્ત અધિકૃત વ્યકિતઓ સિવાયની કોઈપણ વ્યકિત કે વ્યકિતઓનાં સમૂહનાં પ્રવેશ ઉપર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે અને પરીક્ષા દરમ્યાન તમામ પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરની હદમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

વધુમાં, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) આર (૩) મુજબ તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી મનસ્વી રીતે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સીસ્ટમ બેફામ રીતે મોટા અવાજે વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

ભરૂચ, તા. ૨જી જાન્યુઆરી, ૨૦૨૬.

------------

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ. ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે**

**આમુખ:-**

(૧) જિલ્લા કો-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: BHR/1218/12/2025, Date:31/12/2025.

ક્રમાંક:એમએજી/પરીક્ષા જાહેરનામું/વશી ૬૫૩૫.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર, દ્વારા આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક્ર.૨૭/૨૦૨૫-૨૬) પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં કેન્દ્રો ખાતે યોજાનાર છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાનાં કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉપર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે તેમજ ધ્વનિ પ્રદૂષણ પણ થાય છે. જેથી તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા કો-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચે આમુખ-૧ થી જણાવેલ છે.

સબબ, આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું પાર્થ જયસ્વાલ, ઇ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર, દ્વારા આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક્ર.૨૭/૨૦૨૫-૨૬) પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરનાં હદ વિસ્તારમાં કોઇએ પણ બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ પર આજ રોજ (તા.ઇ-સાઇન મુજબ) મારી ઇ-સાઇન તથા સિક્કો કરી આપ્યો.

------------

આમુખ:-

(૧) જિલ્લા કો-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: BHR/1218/12/2025,

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/પરીક્ષા/જાહેરનામુ/વશી/૬૫૩૬.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર, દ્વારા આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક્ર.૨૭/૨૦૨૫-૨૬) પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુકશાન ન થાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોનાં ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ફરતે ૨૦૦ મીટરની હદમાં પરીક્ષાર્થી સિવાયની કોઇપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવા અંગે જિલ્લા કો-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચે આમુખ-૧ થી જણાવેલ છે.

સબબ આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી સિવાયની કોઇપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું પાર્થ જયસ્વાલ, ઇ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર, દ્વારા આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક્ર.૨૭/૨૦૨૫-૨૬) પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં કેન્દ્રો ખાતે યોજાનાર હોય તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ફરતે ૨૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત કરેલ અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઇપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરુ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઇપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરનાં અધિકારીશ્રી/કર્મચારીશ્રી.

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને.

(૩) ફરજ પરનાં પોલીસ કર્મચારીઓ તથા ગૃહ રક્ષક દળની વ્યક્તિઓને.

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તમામ ટૂકડીઓને.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ (તા.૨/૧/૨૦૨૬) મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

-------------

**આમુખ:-**

(૧) જિલ્લા કો-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: BHR/1218/12/2025,

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/પરીક્ષા/જાહેરનામુ/વશી/૬૫૩૭.-ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર, દ્વારા આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા.ક્ર.૨૭/૨૦૨૫-૨૬) પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદર પરીક્ષા કેન્દ્રની નજીક આવેલાં ઝેરોક્ષ સેન્ટરોનાં કારણે વિદ્યાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરે, કરાવે અને તેના પરિણામે પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ રહે છે. જેથી પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી બંધ રાખવા જિલ્લા કો-ઓર્ડિનેટર અને કલેક્ટરશ્રી, ભરૂચે આમુખ-૧ થી જણાવેલ છે.

સબબ આમુખ-૧ નાં પત્ર સંદર્ભે પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું પાર્થ જયસ્વાલ, ઇ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર, દ્વારા આગામી તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જા. ક્ર.૨૭/૨૦૨૫-૨૬) પરીક્ષા યોજાનાર છે. સદરહું પરીક્ષા અત્રેનાં ભરૂચ જિલ્લામાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં કેન્દ્રો ખાતે યોજાનાર તા.૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ સવારનાં ૦૮:૦૦ કલાકથી બપોરનાં ૧૫:૦૦ કલાક સુધી ભરૂચ જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા આદેશ ફરમાવુ છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ (તા.૨/૧/૨૦૨૬) મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**પાર્થ જયસ્વાલ**
ઇ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

------------

**હુકમ**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો**

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૮/૨૦૨૬.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૨/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૭/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો:-

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:-

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા રાભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૨/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૭/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

------------

**વંચાણમાં લીધું:-**

(૧) પોલીસ ઇન્સ્પેકટરશ્રી, એલ.આઇ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૨/૦૧/૨૦૨૬ ના પત્ર ક્રમાંક : એલ.આઇ.બી./પ્રોટ/નો ફલાય ઝોન/૭૪/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ**

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર.૦૩/૨૦૨૬.-આમુખ- (૧) ના પોલીસ ઇન્સ્પેકટરશ્રી, એલ.આઇ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૨/૦૧/૨૦૨૬ ના પત્રની વિગતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાઓ તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૧૪:૦૦ વાગ્યે બોપલ પો.સ્ટે.ની હદના વી.આઈ.પી.રોડ પર આવેલ ઔડા ઓડીટોરિયમ હોલ, શેલા ખાતે પધારનાર છે. તેમજ કાર્યક્રમ પુરો કરી બાય રોડ નીકળી કલાક ૧૫:૪૫ કલાકે પરત જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ સવાર કલાક ૧૧:૦૦ થી કલાક ૧૭:૦૦ સુધી બોપલ પો.સ્ટે.ની હદના ઉપરોકત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

